ઈન્કમ ટેક્ષ કલમ (૮૦ જી) માન્ય
ટ્રસ્ટ રજી નં. ઈ/૨૯૫૨

# રોગ વિમોચન
# શ્રી ગંગામાતા ચેરીટેબલ ટ્રસ્ટ




ટ્રસ્ટ રજી. નં. ઇ/૨૯૫૨

## અમારી વિવિધ પ્રવૃત્તિઓ

**શિક્ષણ વિભાગ :**
ત્રણ બત્તી,
પોસ્ટ ઓફીસની પાછળ,
જામનગર.

**હેડ ઓફિસ :**
જી. જી. હોસ્પિટલ પાસે,
૧, હિંમતનગર રોડના ખૂણા ઉપર,
પંડિત નહેરૂ માર્ગ,
જામનગર - ૩૬૧ ૦૦૮.

મો. ૯૯૭૪૭ ૮૮૯૯૦, ફોન : ૦૨૮૮-૨૬૬૦૧૧૫
E-mail : info@gangamatatrust.com
Web : www.gangamatatrust.com/org



ચંદ્રેશભાઈ સોરઠીયા
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી



જીવરાજભાઈ કાકડીયા
ટ્રસ્ટીશ્રી



મહેશભાઈ માધાણી
ટ્રસ્ટીશ્રી



દિનેશભાઈ સાતા
મેનેજર



લલિતભાઈ ઠાકર
સેવાભાવી



ભાઈલાલભાઈ ચાવડા
સેવાભાવી



ત્રિભોવનભાઈ મારૂ
સેવાભાવી



એલ. કે. સેતા
સેવાભાવી



કાંતીભાઈ ગોકાણી
સેવાભાવી



વિનોદભાઈ મહેતા
સેવાભાવી



ડો. સી. વી. ચૌહાણ
સેવાભાવી



સુરેશભાઈ ઠક્કર
સેવાભાવી



અજયભાઈ વકીલ
સેવાભાવી



કમળાબેન બૌરેચા
રસોઈકામ



નિર્મળાબેન રાઠોડ
રસોઈકામ



હંસાબેન રાઠોડ
રસોઈકામ



મુક્તાબેન ચૌહાણ
રસોઈકામ



ભાનુબેન મકવાણા
રસોઈકામ



રાધાબેન શેખા
રસોઈકામ



ધીરૂભાઈ નકુમ
ટીફીન સપ્લાયર



ગોવિંદભાઈ નકુમ
ટીફીન સપ્લાયર



હિનાબેન વાઘેલા
શિવણ ટીચર



રીટાબેન આહુજા
પાર્લર ટીચર



હિરલબેન સાતા
એજ્યુકેશન મેનેજમેન્ટ



શક્તિસિંહ જાડેજા
વિજ્ઞાન અને ટેકનોલોજી



વિજયસિંહ જાડેજા
સામાજીક વિજ્ઞાનસર



પૂજાબેન પરમાર
ગણિત ટીચર

# સંસ્થાના સ્થાપકશ્રીનો પરિચય



## સ્વ. શ્રી લક્ષ્યસિધ્ધ મહારાજ

## સંસ્થાના સ્થાપકશ્રી નો પરિચય

રોગવિમોચન શ્રી ગંગામાતા ચેરીટેબલ ટ્રસ્ટ જામનગરના સ્થાપક અને મેનેજીંગ ડાયરેકટરશ્રી લક્ષ્યસિધ્ધ મહારાજ એટલે જામનગર જીલ્લાના નાના ગામ ખીમરાણામા જન્મેલ એક કિસાનનું સંતાન એવા આ શ્રી લવજીભાઈ કાબાભાઈ પટેલ, જીવસેવાના ભેખધારી આ માનવ કર્મે એક અણીશુધ્ધ સાત્વીક વેપારી, જેમણે પોતાના ધમધોકાર ચાલતા ધંધાને છોડી, ભૌતિકતાની ક્ષણભંગુરતા પામી જઈ જીવસેવાની ગંગામાં મગ્ન થવા હરીદ્વાર, ખાતે હિમાલયની ગોદમાં ૨૦ વર્ષ સુધી કઠીન સાધન કરી. આઠ કરોડ ગાયત્રી મંત્રોનું અનુષ્ઠાન કરેલ છે. અનેક પ્રકારની જીવોના કલ્યાણની સિધ્ધિઓ મેળવેલ છે આ માનવ દ્વારા રોગવિમોચન શ્રી ગંગામાતા ચેરીટેબલ ટ્રસ્ટનું સેવા અભિયાન સન ૧૯૬૨થી અવિતરત ચાલુ છે. જીવમાત્રાનાં દુ:ખની સતત ચિંતામાં રહેતા, કુદરતની આફત વખતે એક અડીખમ સેવાની જ્યોત જગાવતા આ માનવ આ સંસ્થાના સ્થાપક અને મેનેજીંગ ડાયરેકટરનું પદ શોભાવી રહ્યા હતા. એમની સાથે એમના ધર્મપત્નિ શ્રીમતિ લક્ષ્મીબેન જેઓનો આ સંતની સંપૂર્ણ તપસ્યા તથા સાધનામાં પુર્ણ સાથ અને સહકાર પ્રાપ્ત થયેલ હતો તેના શુભ સંગાથ વગર આ સંતની સાધના અધૂરી રહેત, જીવનની સંધ્યાએ વૃદ્ધ ઉંમરે શ્રીમતિ લક્ષ્મીબેન પોતાના પતિના પગલે ચાલી આ સંસ્થાનું અતિ કપરું એવું સેવા અભિયાન ચલાવી રહ્યા હતા.

શ્રી લક્ષસિધ્ધ મહારાજશ્રીના અવસાન બાદ એમ.ડી. ની જગ્યા પર શ્રી ચંદ્રેશભાઈ કે. સોરઠીયા તમામ જવાબદારી સંભાળે છે.

## સેવાઓની વિસ્તૃત જાણકારી :

### આ સંસ્થાના જામનગર શહેર ખાતાના અન્નક્ષેત્રની પ્રવૃત્તિઓની ઝાંખી

અન્નક્ષેત્ર દ્વારા શહેરના તમામ વિસ્તારમાં જે ગરીબ નિરાધાર લોકો રહે છે. તેને માટે દરરોજ ટીફીનમાં ટ્રાઈસીકલ દ્વારા સંસ્થાના માણસોની મદદથી મફત ભોજન પહોંચાડવામાં આવે છે. તે સેવાની જાણકારી નીચે મુજબના ફોટા દ્વારા જાણી-સમજી શકાય છે.

આ સંસ્થા જામનગર શહેરના દુર દુર સુધીના વિસ્તારમાં વસતા ગરીબ, અનાથ, અપંગ, અંધ, નિરાધાર લોકોને લારી દ્વારા સંસ્થા કોઈપણ નાત જાતના ભેદભાવ વગર પોતાના ટીફીનો મારફતે પોતાના જ સ્વયં સેવકો દ્વારા ઘરે ઘરે જઈને ફ્રી ભોજન રોજના આશરે ૨૦૦ (બસ્સો), ટીફીનો ટ્રાઈસીકલ દ્વારા પહોંચાડે છે. જેનું વિસ્તૃત દર્શન આપને અંદરના ફોટા દ્વારા મળશે.

બહુ દુર રહેતા જરૂરિયાતમંદ લોકો જેને સંસ્થા તરફથી ભોજનનું ટીફીન પહોંચાડી શકાતું નથી તેવા આશરે ૧૦૦ પરિવારોને દર માસે કાચા અનાજની કીટ આપવામાં આવે છે. આ કીટમાં ઘઉં, ચોખા, દાળ, ચા, ખાંડ, તેલ, મસાલા, મીઠું વિગેરે એક માસ ચાલે તેટલી સામગ્રી અપાય છે.

હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સગાવહાલા તથા જામનગર શહેર તથા ગામડાના ગરીબ, અનાથ, અપંગ વગેરે સંસ્થાના બિલ્ડીંગમાં વ્યવસ્થિત રીતે ટેબલ ખુરશી પર બેસીને પેટ ભરીને સવાર સાંજ બંને વખત તદ્દન વિનામૂલ્યે જમી શકે તેવી વ્યવસ્થિત વ્યવસ્થા છે જેનો લાભ રોજના હજારો માણસો લે છે. જેની બોલતી તસ્વીર અંદર આપેલ છે.

ભોજન લઈ જવા માટે મફત સ્ટીલના ટીફીન, થાળી, વાટકા અન્ય વાસણો, પાણી માટે બોટલો, નળવ્યવસ્થા તથા સંસ્થામાં આવીને જમતા દર્દીના વાલીઓ માટે ટેબલ-ખુરશી વ્યવસ્થા તથા દર્દીના વાલીઓ માટે હોસ્પિટલમાં રહેવા માટે ઓઢવા-પાથરવા માટે ગોદડા-પાથરણ વગેરે જરૂરિયાતની તમામ વસ્તુઓ સંસ્થા વિનામૂલ્યે દિવસ રાત પૂરી પાડે છે જેનો લાભ હજારો વ્યક્તિઓ દરરોજ લઈ રહ્યા છે.

જી.જી. હોસ્પિટલ જામનગર ખાતે દાખલ ગરીબ દર્દીને જરૂરી વિશિષ્ટ સારવાર જે હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ ન હોય જેવી કે સીટીસ્કેન, એક્સ-રે, બ્લડ યુરીન ટેસ્ટીંગ વગેરે બહારની લેબોરેટરી ખાતે કરવાનું કહેવામાં આવે છે, ત્યારે આવા

ગરીબ દર્દીની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે અમારી સંસ્થામાં આવે છે ત્યારે આવી ખર્ચાળ શસ્ત્રક્રિયા તથા ટેસ્ટીંગના રીપોર્ટો સંસ્થા પોતાના ખર્ચે કરાવી આપે છે. ઉપરાંત ગરીબ દર્દીઓને ખર્ચાળ ઓપરેશનો જેવા ઓર્થોપેડિક ઓપરેશન જેમાં અતિ મોંઘી દવા તથા જરૂરી સાધનો બહારથી લેવાનું કહેવામાં આવે છે ત્યારે સંસ્થા પોતાના ખર્ચે લઈ આપે છે. ડીલીવરી વોર્ડમાં આવતી ઘણી બધી ગરીબ મહિલાઓને ઓપરેશન વખતે અપાતું ઈન્જેકશન સંસ્થા દ્વારા ઘણી વખતે પુરુ પાડવામાં આવે છે જન્મતા બાળકને જરૂરી પોષણની દવા વગેરે સંસ્થા વિનામૂલ્યે કાયમી પૂરી પાડે છે ઉપરાંત સુવાવડી મહિલાને તેના તથા તેના બાળકના પોષણ માટે ચોખ્ખા ઘી માં બનાવેલ શીરો જે પ્રોટીન વિટામીન યુક્ત અને અતિ શુદ્ધ એવો પોષણયુક્ત ખોરાક સંસ્થા કાયમી માટે પૂરો પાડે છે. આ તમામ સેવા માટે સંસ્થાના સ્વયંસેવકો રોજ જી. જી. હોસ્પિટલ ખાતે તમામ બેડ પર જઈ તેમની પુછપરછ કરી જરૂરી તમામ સેવા આપવા હંમેશા તત્પર રહે છે.

હોસ્પિટલોમાં આવતા દર્દીઓ જે ચાલી શકતા ન હોય તેવા દર્દીઓ માટે અમારી સંસ્થાની વ્હીલચેરવાળી ગાડીઓ હોસ્પિટલના દ્વારે અમારા માણસો સાથે રાખવામાં આવે છે અને આવા દર્દીઓને ફોટા પડાવવા તથા લેબોરેટરી કે અન્ય જગ્યાએ જવાનું થાય ત્યાં અમારા માણસો દ્વારા તેમજ અમારી ગાડીઓ દ્વારા તેવા દર્દીને તેમના ખાટલેથી ડોક્ટર દ્વારા તપાસ માટે કહે ત્યાં લઈ જઈ તપાસ પુરી થયે પાછા તેમના ખાટલા સુધી પહોંચાડવાની વ્યવસ્થા અમારી સંસ્થા દ્વારા હાલ ચાલુ છે.

ડોક્ટરોના પ્રિસ્ક્રીપ્શન મુજબે ગરીબ દર્દીના વાલીઓને સંસ્થા દ્વારા દવા ખરીદી આપવામાં આવે છે.

## ગંગામાતા ચેરીટેબલ ટ્રસ્ટનું શિક્ષણ અભિયાન :

ધોરણ ૮-૯-૧૦ ના વિદ્યાર્થીઓને જ્યારે ઉચ્ચકક્ષાના શિક્ષણની જરૂરિયાત હોય ત્યારે ટયુશન દ્વારા ભણવા ઈચ્છતા હોવા છતાં ટયુશનની ઊંચી ફી ખર્ચી શકે તેમ ન હોય તેવા વિદ્યાર્થીઓ ભણવામાં નબળા રહે છે. આવા તમામ વિદ્યાર્થીઓને આ સંસ્થા દ્વારા જે-તે ધોરણનું શિક્ષણ ટયુશન દ્વારા આપવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થામાં બ્યુટીપાર્લર તથા શિવણકાર્યની તાલીમ વિનામૂલ્યે અપાય છે. જેનો લાભ હજારો વિદ્યાર્થીઓ લઈ રહ્યા છે સાથે રાહતદરે કમ્પ્યુટર શિક્ષણ પણ અપાય છે.

**આ સેવાયજ્ઞમાં દેશ-વિદેશના સંખ્યાબંધ દાતાઓ અવિરતપણે દાનનો પ્રવાહ વહેવડાવી સહયોગ આપી રહ્યા છે, જેનો સંસ્થા અંતઃકરણપૂર્વક આભાર માને છે.**



## ભોજન પ્રસાદ વિતરણ

સંસ્થાના ભોજન ગૃહમાં દરરોજ સવાર સાંજ મળી કુલ ૭૦૦ થી ૮૦૦ વ્યક્તિઓને ભરપેટ ભોજન અપાય છે. સામાન્ય રીતે દરરોજ સવારે દાળ, ભાત, શાક, રોટલી પીરસાય છે અને સાંજે ખીચડી, કઢી રોટલા, દૂધ વિ. પીરસાય છે.

માસ દરમ્યાન આશરે દશેક દિવસ દાતાઓ તરફથી મિષ્ટાન અપાય છે.

ઉનાળામાં કેરીની સીઝન ચાલતી હોય ત્યારે અઠવાડીયામાં ૩ થી ૪ વખત કેરીનો રસ અપાય છે. તેજ રીતે શિયાળામાં અડદીયાનું વિતરણ સારા પ્રમાણમાં થાય છે.

વાર તહેવારે દાતાઓ તરફતી મિષ્ટાન હોય જ છે અથવા તો સંસ્થા તરફથી મિષ્ટાન આપી તહેવારની ઉજવણી કરવામાં આવે છે.




## ટીફીન દ્વારા ઘરે ઘરે મળેલ ભોજન વિતરણના લાભાર્થીઓ







અંધ, અપંગ, અશક્ત તેમજ નિરાધાર વ્યક્તિઓને ઘર બેઠા ટીફીન દ્વારા વિનમુલ્યે પૂર્ણ ભોજન સંસ્થાની લારીમાં, સંસ્થાના જ પગારદાર માણસો દ્વારા પહોંચાડવામાં આવે છે.



જે લોકો ભોજન લેવા અહીં આવી શકતા નથી તેમજ જે તે બહુ દુરના સ્થળોએ સંસ્થાની લારી જઈ શકતી નથી તેવા વિસ્તારના લોકોને દર માસે સંસ્થામાંથી કાચુ અનાજ ઘઉં, દાળ, ચોખા, ચા-ખાંડ, તેલ, મસાલા, મીઠું વિગેરે અપાય છે.

જી. જી. હોસ્પિટલના ડોક્ટરો દ્વારા જે જે દર્દીઓને બહારની દવાના પ્રિસ્ક્રીપ્સન લખી દેવામાં આવે છે તેવા જરૂરીયાતમંદોને દવા અપાવી દેવામાં આવે છે.




અનાજ વિતરણ




## લારી દ્વારા ટિફિન વિતરણ

આવી ભોજન વ્યવસ્થા દરરોજ ૩૬૫ દિવસ સવાર-સાંજ અવિરતપણે ચાલુ જ છે. જેમાં ટાઢ, તડકો કે વરસાદના વિઘ્નો ને યેન કેન પ્રકારે નિવારી લઈ ભોજન ગૃહને કદી પણ વિરામ અપાતો નથી. આમ, આ એક પ્રકારની માતા અન્નપૂર્ણાની અમી દૃષ્ટિ આ સંસ્થા પર છે તેમ નિઃસંદેહ કહી શકાય.



રસોઈ ઘર










હિયરીંગ એઈડ-કાને સાંભળવા માટેના મશીનો વિનામૂલ્યે રીપેર કરી આપવામાં આવે છે. જરૂરી સ્પેર-પાર્ટસ પણ વિનામૂલ્યે નાખી આપવામાં આવે છે.

જરૂરીયાતમંદ વ્યક્તિઓને નંબરવાળા ચશ્મા વિનામૂલ્યે અપાવી દેવામાં આવે છે. વૃધ્ધોને વિનામૂલ્યે લાકડી અપાય છે. મોતીયાના ઓપરેશનવાળાને ‘કાળા ગોગલ્સ ચશ્મા’ વિનામૂલ્યે અપાય છે.

અપંગ લોકોને જરૂરી સાધનો ખરીદવા માટે યોગ્ય આર્થીક સહાય કરવામાં આવે છે.







જી.જી.હોસ્પિટલના દર્દીઓને ડોક્ટરોના આદેશ મુજબના જરૂરી સાધનો જેવા કે, પાણીનું ગાદલું, હવાનું ગાદલું જાજરૂની ખુરશી, ફિક્સ વોકર, ફોલ્ડીંગ વોકર, વ્હીલ ચેર, બગલ ઘોડી, કફ ખેંચવાનું મશીન, સાદી લાકડી, ૩ ટેકાવાળી લાકડી, ચાર ટેકાવાળી લાકડી વિ. વિ. સાધનો ડીપોઝીટ લઈને અપાય છે. સાધનોનું ભાડું લેવામાં આવતું નથી. સાધન પરત કર્યે તુરંત જ ડીપોઝીટ પરત કરવામાં આવે છે.



**શિક્ષણ વર્ગ**

સંસ્થાની શિક્ષણ શાખા ત્રણબત્તી, ડી.એસ.પી.ના બંગલાની સામે આવેલી છે. તેમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ ચાલે છે.

૧) ધો. ૮,૯,૧૦ના ટ્યુશન કલાસ વિનામૂલ્યે ચલાવવામાં આવે છે. ટ્યુશનમાં આવતા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્ય પુસ્તકો તથા નવનીતો(ગાઈડ) અપાય છે.



**બ્યુટી પાર્લર વર્ગ**



## શિક્ષણ વર્ગ

૨)	વિનામૂલ્યે શિવણના વર્ગો ચલાવવામાં આવે છે.
૩)	વિનામૂલ્યે બ્યુટી પાર્લરના કલાસ ચલાવવામાં આવે છે.
૪)	રાહત દરે કોમ્પ્યુટરના વર્ગો ચલાવવામાં આવે છે.




## પ્રમાણપત્ર વિતરણ

દરેક કોર્ષ પૂર્ણ કર્યા પછી સંસ્થા દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે.



કોમ્પ્યુટર વર્ગ

૫) હાલમાં જે વેકેશન બેચ (દોઢ માસનો કોર્સ) કોમ્પ્યુટર કોર્સ વિનામૂલ્યે ચલાવવામાં આવેલ જેમાં બેઝીક થી શરૂ કરી છેક 'જાવા' સુધીનો કોર્સ ઉપરાંત બી.સી.એ. તથા એમ.સી.એ. ની વિગતની જ્ઞાન સભર વિગતો તદ્દન વિના મૂલ્યે આપવામાં આવેલ જેમાં ૧૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. તથા કાયમી ધોરણે આવા વર્ગો કાર્યરત છે.



રોગવિમોચન શ્રી ગંગામાતા ચેરીટેબલ ટ્રસ્ટ-જામનગર સંચાલિત શૈક્ષણિક શાખાનું બિલ્ડીંગ



સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા ૨૬-જાન્યુઆરી સ્વાતંત્ર્ય વર્ષની ઉજવણી અંગેનો સાંસ્કૃતિક પ્રોગ્રામ



બ્યુટીપાર્લરના તાલીમાર્થીઓ વચ્ચેની બ્રાઈડલ સ્પર્ધા

**જામનગર મહાનગરપાલિકા**
**જામનગર**

તા. /૧૦/૨૦૦૫

પ્રતિ,
શ્રી ગંગામાતા ચેરીટેબલ ટ્રસ્ટ,
પી. એન. માર્ગ,
જામનગર.

**વિષયઃ** આપની સંસ્થા તરફથી મળેલ સહયોગ બદલ આભાર સહ

ઉપરોક્ત વિષય અન્વયે જયભારત સાથ જણાવવાનું કે, તા.૧૭/૯/૨૦૦૫ના રોજ જામનગર શહેરમાં થયેલા ભારે વરસાદને પગલે નિચાણવાળા અમુક વિસ્તારોમાં ભરાયેલા પાણીના સંજોગોમાં અસરગ્રસ્ત અને જરૂરીયાતમંદ લોકોને ભોજન પહોંચાડવાની જરૂરીયાત ઉપસ્થિત થતાં આવા સમયે આપની સંસ્થા તરફથી ઉપરોક્ત વ્યવસ્થા માટે મળેલ સહયોગ બદલ જામનગર મહાનગરપાલિકા વતી આભારની લાગણી વ્યક્ત કરવામાં આવે છે.

**નાયબ કમિશનર**
**જામનગર મહાનગરપાલિકા**

Arpan,
Jamnagar.

To,
Gangamata Charitable Trust

Subject- Sincere thanks for the Help given.

Respected Sir,

We, the members of Arpan, want to put forward our heartful wishes to you and thank you for providing us necessary Help to make Arpan a success. We are grateful and hope that we will have further acquaintances in near future.

Yours Sincerely,

Dated:
Jamnagar
31st May'05.

Arpan.

P. Bhowmik

Ref : ISD/05
Date : 18/12/05

લાઈફ
(સ્થાપના : 1978)

## સૌરાષ્ટ્ર મેડિકલ ઍન્ડ એજ્યુકેશનલ ચૅરિટેબલ ટ્રસ્ટ

(માનવકલ્યાણલક્ષી સેવાભાવી સંસ્થાઓનો સેતુ)

લાઈફ, રેસકોર્સ રિંગ રોડ, રાજકોટ – 360 001, ગુજરાત, ભારત. ફોન : (0281) 247 91 33
ફેક્સ : (0281) 247 91 22 વેબસાઈટ : www.999life.org ઈ-મેઈલ : savelife@999life.org

# પ્રમાણપત્ર

શ્રી શેઠ ત્રિલોચન ઠાંગા માતા ચેરીટેબલ ટ્રસ્ટ, ~~રાજકોટ~~ અમરનગર

આપની સ્વૈચ્છિક સેવાસંસ્થા ઉમદા માનવકલ્યાણ-લક્ષી સેવાપ્રવૃત્તિઓ દ્વારા જરૂરતમંદ લોકોને સહાયરૂપ થાય છે તે ખરેખર પ્રશસ્ય છે. આપની સેવાસંસ્થાનાં ઉમદા ધ્યેયની સિદ્ધિ માટે અમારી સેવાસંસ્થા સાથે આપ જે ઉત્કૃષ્ટ સહયોગ આપી રહ્યા છો તેની અમે કૃતજ્ઞભાવે નોંધ લઈએ છીએ. આ સતત ચાલતા માનવકલ્યાણ-યજ્ઞમાં આપની સંસ્થાનો પ્રેરક સહયોગ સતત મળતો રહેશે એવી અપેક્ષા સેવીએ છીએ.

| | | |
|---|---|---|
| હર્ષદભાઈ આર. મહેતા | જયા બચ્ચન | શશિકાન્ત કોટિચા |
| ચેરમૅન | ચેરપર્સન – 'બ્લડ ડોનર મુવમેન્ટ' | મૅનેજિંગ ટ્રસ્ટી |

॥ श्री मदनमोहनप्रभू विजयते ॥

# गोस्वामी श्री हरिरायजी व्रजभूषणलालजी महाराज

अधिष्ठाता श्री पुष्टिसंप्रदाय जामनगर मोटी हवेली ट्रस्ट

Shree Moti Haweli
Shree Vallabhacharya Marg.
JAMNAGAR-(Saurashtra)
Pin 361 001.
Phone : 76875 / 77212

पता – श्री मोटी हवेली,
श्री वल्लभाचार्य मार्ग,
जामनगर. (सौराष्ट्र)
पिन - 361 001.

दिनांक ..................

તા. ૦૫-૦૯-૦૫

શ્રી લક્ષ્યસિદ્ધ મહારાજ
સ્થાપક તથા મેનેજીંગ ડાયરેક્ટર,
રોગવિમોચન શ્રી ગંગામાતા ચેરીટેબલ ટ્રસ્ટ,
જામનગર

જામનગર શહેરની કલ્યાણકારી પ્રવૃત્તિ માટે પ્રસિદ્ધ સેવા સંસ્થા રોગ વિમોચન શ્રી ગંગામાતા ચેરીટેબલ ટ્રસ્ટ જામનગર દ્વારા છેલ્લા થણા સમયથી હરિદ્વાર ખાતે સંસ્થાના આશ્રમમાં શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન થાય છે. અત્યાર સુધીમાં ૬ જ્ઞાનયજ્ઞનું આયોજન થઇ ગયેલ છે. અને હવે આગામી તારીખોમાં પણ શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન થનાર છે. આવા હરિદ્વાર મુકામે અવાર નવાર થતા ભાગવત સપ્તાહના શુભ કાર્યની જાણકારી થી પૂજય ગોસ્વામી શ્રી હરિરાયજી મહારાજશ્રી પ્રસન્ન થયેલ છે. વર્તમાન સમયમાં આવા આયોજનના અભિયાનથી મધ્યમવર્ગને સત્સંગનો અને આત્મકલ્યાણનો લાભ મળે છે અને માનવજીવનની ઉન્નતિ થાય છે.

આ સિવાય આપની સંસ્થા અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરે છે આવા ઉમદા કાર્યોની પૂજય મહારાજશ્રી સફળતા ઇચ્છે છે. અને સંસ્થાને અને તેમના ટ્રસ્ટીઓને આશીર્વાદ અને શુભેચ્છા પાઠવેલ છે.

પૂ. ગો. શ્રી હરિરાયજી મહારાજ શ્રી
ની આજ્ઞાથી

Col Sudhir Bhola
Director Recruiting

Tele / Fax : 0288-2911310 (Civ)
Mob : 81402 57976

सत्यमेव जयते

सेना भरती कार्यालय,
सोलेरीयम रोड, बी.जी.लाइन
जामनगर - 361 008

Army Recruiting Office,
Solarium Road,
B.G. Lines,
Jamnagar - 361 008.

JAM/D/36/Jamnagar/Sep 12 19 Sep 2012

Mr Chandresh Patel
Shree Gangamata Charitable Trust

**COMPLIMENTARY**

Dear Shri Chandresh Patel,

1. This is to express our heartfelt gratitude and thanks to **you and your Trust** for providing **food to approx 500 candidates** from 05 Sep to 07 Sep 2012 during the recruitment rally held at Jamnagar. The gesture of providing hot & sumptuous food to the candidates is commendable and has drawn appreciation from all. The hot food was also an excellent relief to all candidates who came from far flung areas of Saurashtra and were busy throughout the day.

2. Once again I express my sincerest appreciation and thanks on behalf of this Army Recruiting Office, Jamnagar for this commendable job.

With Warm Regards

Yours sincerely

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
૮૧૦. ન્યુ. દિગ્વિજય સરકારી હાઈસ્કૂલ
(બીજો માળ), ખંભાળીયા ગેટ બહાર
જામનગર તા. ૧૬-૩-૨૦૦૬

પ્રતિ;
સ્નેહી ભાઈશ્રી;
મેનેજીંગ ડાયરેક્ટર
"લક્ષ્ય સિદ્ધ-મહારાજ"
જી.જી. હોસ્પિટલ પાસે, ૧ હિંમતનગર રોડ
પંડિત નહેરૂ માર્ગ - જામનગર

"અભિનંદન સહ ધન્યવાદ"

આપશ્રીનું ટ્રસ્ટ - રોગ નિમૂર્લન શ્રી ગંગામાતા ચેરીટેબલ ટ્રસ્ટ - જામનગર દ્વારા ઘણી અનેક વિધ સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવે છે. ખાસ કરીને "અન્ન દાન" એ મહાદાનની સૂક્તિને સાર્થક કરતા આપ ભગીરથ કાર્ય કરી રહ્યા છો. એ બદલ અમો આપશ્રીને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

આ ઉપરાંત આજથી શરૂ થયેલ એસ.એસ.સી. અને એચ.એસ.સી. પરીક્ષાઓ માર્ચ-૨૦૦૬ માટે જામનગર શહેરમાં બહારગામથી પરીક્ષા આપવા આવતાં પરીક્ષાર્થીઓ માટે તેમના અનુકૂળ સમયે વિના મૂલ્યે ભોજનનો પ્રબંધ વ્યવસ્થાના ધોરણે રાખવામાં આવેલ છે. તથા જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને આ લાભ મળી રહે એ માટે આપશ્રીએ દૈનિક પત્રોમાં "પ્રેસનોટ" આપીને મૂકેલ છે. તે ભાવના બદલ હું અંતઃકરણપૂર્વક ધન્યવાદ પાઠવી અભિનંદન આપું છું.

આશા રાખું છું કે આપ હંમેશા આ સતત આવી સેવા કરતા રહો અને પરમેશ્વર તમારી પ્રેરણામાં પ્રેરક બળ બની રહે - અવિરત સેવા ભાવનાને બિરદાવતા અભિનંદન આપું છું ---- એજ --- ધન્યવાદ.

ડૉ. વી.બી. ભેંસદડિયા
જિલ્લા શિક્ષણાધિકારી.

**Dr. J. J. Oza**
M.D.
**B-9, Prof. Quarters,**
**Medical Campus,**
**JAMNAGAR-361008**
**Phone : O. 73515/74627**
**R. 73157/73676**

**Dean**
**Medical Superintendent &**
**Professor of Medicine**
**Shri M. P. Shah Medical College**
**& Irwin Group of Hospitals,**
**JAMNAGAR-361008**

Date 24-11-94

Sir,

Rogvimochan Gangamata Charitable Trust is providing food to the needy patients and their relatives at this hospital. I have observed this activities personally and I am highly impressed.

Further this trust is also providing drugs and also doing blood donation activities, which is also very much helpful and humanitarian activities.

**(Dr. J. J. Oza)**

786

ABBAS CHISTY
[JOURNALIST - PUBLICIST]

PHONE : (022) 23731374
FAX : (022) 23438447
101, CITY ARCADE,
22-24-S, NANJI MARG, CHARNULL,
DONGRI, MUMBAI - 400 009

GUJARAT SAMACHAR (LONDON). AKILA. ABHISHEK. BOMBAY PRESS. SAURASHTRA BHOOMI & NOBAT

તા. ૨૦/૩/૨૦૦૪.

માનનીયશ્રી. મહારાજ સાહેબ,

આપ કુશળ હશો!

આપની સંસ્થાની મેં મુલાકાત લીધી ત્યારે મને ખરેખર ખુબજ આનંદ આવ્યો અને ખુશીની લાગણી પણ થઈ કે અમારા, આપણા. જામનગર શહેરમાં આવી કોઈ પણ જાતના ભેદભાવ વગર ચાલતી સંસ્થા ચલાવે દુનિયામાં. "માનવ એ માનવ" સેવા જેવી કોઈ સેવા જ નથી.

ઊંચ- નીચ- જ્ઞાતિજાતિ એક જેવા રીતે. હોસ્પિટલ માં સારવાર ત્યાં તમામ પ્રકાર મદદની ભાવના સાથે લોકો લઈને બેઠા છો તે માટે દિલથી આપ લોકોને મુબારકબાદ આપુ છું. મારી ઉમ્મીદ છે કે આપને ક્યાંય પણ કામ આવી શકું તો જરૂર યાદ કરશો.

અબ્બાસ ચિશ્તી

- આ કાગળ સાથે. સંસ્થા માટે.
રૂ. ૫૦૦/- પાંચસો મોકલાવેલ છે.




## કાર્યાલય



## ભોજન માટે અદ્યતન ડાયનીંગ હોલ

કે-પોઈન્ટ ગ્રાફીક્સ-૯૮૨૩૫ ૨૦૦૮૧